P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

તારીખ : 9-1-20

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-03/૨૦૧૯-૨૦/ 201

રજી. એડી. પત્ર

પ્રતિ,
દાસેવ ઇન્ડસ્ટ્રીઝ
C/o. અશોકભાઈ મુરુભાઈ કારેણા ,
મું. પો. : રોજીવાડા , તા. : ભાણવડ , જી. : દેવભૂમિ દ્વારકા,
પીન કોડ. : ૩૬૦૫૧૦
મોબાઈલ : ૯૪૨૬૭ ૮૦૪૬૦, ૯૧૦૬૫ ૮૧૧૮૩

વિષય : નવા ઓદ્યોગિક હેતુ ના વીજ જોડાણ અંગે વધુ વસુલ કરેલ ચાર્જીસ રીફંડ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૮-૧૨-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૭/ક્વા-03/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાલીયા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ભાણવડ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૩/૧૯-૨૦/૮૦૧ . તા. ૭-૧-૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૭/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: દાસેવ ઇન્ડસ્ટ્રીઝ ગામ: રોજીવાડા
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અરુણભાઈ ત્રિવેદી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ખંભાલીયા
રજૂઆત કરનાર: કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શ્રી કે.એ.કરમુર પીજીવીસીએલ વિભાગીય કચેરી – ખંભાલીયા

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર દાસેવ ઇન્ડસ્ટ્રીઝ, ગામ -રોજીવાડા તેઓની અરજીના નોંધણી નં: ૪૭/ક્વા-૩/૧૯-૨૦ માં જણાવે છે કે અરજદાર ભવનેશ્વર ગ્રામ પંચાયતની હદમાં ગામ ના સર્વે નંબર: ૩૪ પૈકી ૨ મા ઓર્દ્યોગીક હેતુ નુ બિનખેતી જમીનમાં વીજજોડાણ મેળવવા માટે ભાણવડ પેટા વિભાગીય કચેરી માં અરજી આપેલ છે, જેનુ રજીસ્ટ્રેશન તા.૧૯–૧૧–૧૯ થી કરાયેલ છે. જે **એસ.આર. નં. ૧૨૪૬૬૧૫૯ અન્વયે ભવનેશ્વર ગ્રામ પંચાયતની હદ માં સર્વે નં.૩૪ પૈકી ૨ માં ઔધોગીક હેતુનુ વિજ જોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ભાણવડ સબ ડિવી. માં તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ રૂા. ૮,૬૩,૯૧૧-૦૦ નું અંદાજપત્રક ભરપાઈ કરેલ છે.** જે ફીકસચાર્જ આધારીત ભાવપત્રક અપાયેલ હતું. બિનખેતી થયેલ સર્વે નંબરમાં ૦૧ કીવો દીઠ ફીસકચાર્જ વસુલવાની સ્પષ્ટતા પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક–૨ /૧૦૮૫, તા.૦૧–૦૯–૧૯ ના અનુસંધાને જીયુવીએનએલ/ટેક–૨ /ડીઈ–૨/૨૪/કોમ/૨૦૫૩ તા.૦૫–૧૧–૧૯ મા પણ ફીકસચાર્જ વધારી અંદાજપત્ર આપવાનુ જણાવેલ છે. જેથી, અરજદારે વધુ વસુલ કરેલ ચાર્જીસ ની રકમ રીફંડ મેળવવા માટે ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- કે "દાશેવ ઈંડસ્ટ્રીઝ" c/o શ્રી અશોકભાઈ મુરુભાઇ કારેણા, રહે.જામ-રોજીવાડા તા.ભાણવડ દ્વારા ભવનેશ્વર ગ્રામ પંચાયત નીચેના ખેતીવાડી સર્વે નમ્બર ૩૪/પૈકીર ની ચો.મી. ૩૩૪૪ ઔધોગીક હેતુ માટે બિનખેતી કરાવીને આ સદર જમીનમા ઔધોગીક હેતુ માટેનુ ૧૨૦ હો.પા.નુ થ્રી ફેઇઝ વિજ જોડાણ માગેલ છે. અરજદાર દ્વારા નોંધણીચાર્જ રુપીયા ૪૦૦+૭૨=૪૭૨/- રસિદ નં.૭૩૧૪૧૦/૧૧/૧૨ તા.૨૩/૦૯/૨૦૧૯ થી (મેનુઅલ) ભરપાઈ કરેલ છે. જે અનુસંધાને સદર ઔધોગીક કનેક્શન માટેની અરજી ગામતળ બહાર વિજ જોડણ આપવાનુ થતુ હોય પી.જી.વી.સી.એલ./ટેક-૧/૬૪૫૭ તા.૨૬/૦૭/૨૦૧૯ મુજબ માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસુલ કરવાનો થતો હોય કેસ ફાઇલ પત્ર નંબર જેકેદી/ટેક/૪૪૯૭ તારીખ ૦૯.૧૧.૨૦૧૯ થી વર્તુળ કચેરી ને પ્રી-ઓડિટ માટે રજૂ કરતાં. સદર કેસની ADMINISTRATIVE APPROVAL સર્કલ ઓફીસ દ્વારા નં.JCO/T-2/ND/19-20/10623 તા.૧૬/૧૧/૨૦૧૯ થી મળેલ છે. સદર મંજુરી અન્વયે SR NO.12466159 મુજબ e-urja work flow launch કરેલ જેની ટેકનીકલ સેક્શન નં.૧૨૪૬૫૧૫૯:૯૧૧૦૧૬૦૬૪૪૫૫૮૫૯ તા.૨૨/૧૧/૨૦૧૯ થી આવેલ છે.

૩.૧ ઉપરોક્ત મંજુરી મુજબ અને ટેકનીકલ સેક્શન મુજબ તથા હાલના પત્ર નં.-પી.જી.વી.સી.એલ./ટેક-૧/૬૪૫૭ તા.૨૬.૦૭.૨૦૧૯ મુજબ સદર જોડાણ માટે થતો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસુલવાનો થતો હોઇ, તે મુજબ અરજદારને તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજ અંદાજપત્ર રૂ.૮,૬૩,૯૧૧/- નુ પાઠવવામાં આવેલ જે અરજદાર દ્વારા રસીદ નબર ૬૦૦૯૪૩/૯૪૪/૯૪૫ તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ ભરપાઇ કરવામાં આવેલ છે અને સદર વીજ જોડાણ તારીખ ૧૪.૧૨.૨૦૧૯ ના રોજ રિલિઝ કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર "દાશેવ ઈંડસ્ટ્રીઝ" ના પ્રોપરાઈટર c/o શ્રી અશોકભાઈ મુરુભાઇ કારેણા, રહે.જામ-રોજીવાડા તા.ભાણવડ દ્વારા ભવનેશ્વર ગ્રામ પંચાયત નીચેના ખેતીવાડી સર્વે નમ્બર ૩૪/પૈકીર ની ચો.મી. ૩૩૪૪ ઔધોગીક હેતુ માટે બિનખેતી કરાવીને આ સદર જમીનમા ઔધોગીક હેતુ માટેનુ ૧૨૦ હો.પા.નુ થ્રી ફેઇઝ વિજ જોડાણ માગેલ છે.

૪.૨ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ માં જણાવેલ શરતો/નિયમો મુજબ " એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાની વિસ્તાર કે છુટાછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે". ત્યારબાદ જીયુવીએનએલ ના પત્ર નંબર: ૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ મુજબ બીનખેતી કરાવેલ જમીનમાં ધારા ધોરણ અનુસાર ફીકસચાર્જ વસૂલાત કરવાની નીતિ ચાલુ રહેશે. ઉપરોક્ત પેરા ન.૪.૨ માં જણાવ્યા મુજબ સામાવાળા દ્વારા અરજદારનું વીજ જોડાણ આપવા માટે સલામતીને ધ્યાને રાખીને ૦.૦૮ કિમિ HT AB CABLE નો ઉપયોગ કરીને દરખાસ્ત સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર બાબતે સામાવાળા દ્વારા ફરિયાદી અરજદારની રજુઆતના અનુસંધાને HT AB CABLE ની કોસ્ટ bare conductor ની કોસ્ટ કરતા ખુબજ વધારે હોઈ સામાવાળા દ્વારા GUVNL ને લખેલ ના પત્ર નં ૬૧૮૮ તા. ૨૨.૦૭.૧૯ અને ૬૪૫૭ તા.૨૬–૦૭–૧૯ મુજબ જે તે સમયે અરજદારને બીનખેતી કરાવેલ જમીનમાં વાસ્તવિક ચાર્જ મુજબ – ભાવપત્રક આપેલ છે.

૪.૩ સદર ભાવપત્રક ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગના પત્ર ક્રમાંક જીયુવી–૨૦૧૬/૩૮૮૫/ક૧ તા.૨૩–૦૮–૧૭ ને અનુલક્ષીને જીયુવીએનએલ વડોદરા દ્વારા, તેઓ ના પત્ર નં.: જીયુવીએનએલ –ટેક–૨ – ૧૦૮૫ તા.૦૧–૦૯–૧૭ દ્વારા દરેક કંપની ના માન. મેનેજીંગ ડિરેકટર શ્રી ને, માન. ગુજરાત રાજય સરકાર શ્રી ની ગાઈડલાઈન અનુસાર " ગામતળ ની બહાર ખેતીની જમીનમાં વિવિધ હેતુ માટે ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નિતી બનાવવાનો – સરકારશ્રી નો મુળભુત હેતુ – ખેતીની જમીન – બીનખેતી કરાવ્યા સીવાય – એગ્રોબેઝ ઈન્ડસ્ટ્રીઝ તથા ખેતી સંલગ્ન લઘુ ઉદ્યોગોને ૨૪ કલાક વીજપુરવઠો પુરો પાડી આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો છે. આથી, આ ઠરાવના મુદદા ક્રમાંક ૩,૪,૫ અંતર્ગત – અરજદાર ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણ મેળવવા માટે અરજી

કરેતો તેમણે વીજજોડાણ ના વાસ્તવિક ખર્ચ ની રકમ ચુકવવાની રહેશે. પરંતુ બીનખેતી કરાવેલ જમીન માં સમાન પ્રકારની પ્રવૃતિઓ માટે અરજદાર ૨૪ કલાક ના વીજજોડાણ માટે અરજી કરેતો – તેમની પાસેથી અગાઉ ના ધારા–ધોરણો અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતી ચાલુ રાખવાની રહેશે.''સદર સુચના અનુસાર બીનખેતી કરાવેલ અરજદારો પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતિ ચાલુ રાખવાનુ જણાવેલ છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં.૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે – જીયુવીએનએલ દ્વારા જણાવેલ પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટિક–૨/ડીઈ–૨/૨૪/કોમ્પ/૨૦૫૩ તા.૦૫–૧૧–૧૯ મા કરાયેલ સ્પષ્ટતા મુજબ, ગામતળ ની બહાર બિનખેતી કરાવેલ જમીનમાં ગુજરાત રાજય સરકારના વખતોવખતના પરીપત્ર અને માર્ગદર્શન મુજબ નવા વીજજોડાણ માટે ચાર્જીસ વસુલ કરવા જણાવેલ છે. જેની જાણકારી પીજીવીસીએલની નિગમીત કચેરીના પત્ર નં. – પીજીવીસીએલ/ટિક–૧/૧/૧૧૬૫૦ તા.૦૭–૧૧–૧૯ થી દરેક વર્તુળ કચેરીને યોગ્ય કાર્યવાહી અર્થે જાણકારી અપાયેલ છે.

૪.૪ સદર કેઈસ મા, અરજદાર "દાશેવ ઈન્ડસ્ટ્રીઝ ને તેઓની અરજી અન્વયે તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજ અંદાજપત્ર રૂ.૮,૬૩,૯૧૧/- નુ વાસ્તવિક ચાર્જ મુજબ આપેલ છે. સદર સમયગાળા દરમ્યાન ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે ગામતળ ની બહાર બિનખેતી કરાવેલ જમીનમાં ગુજરાત રાજય સરકારના વખતોવખતના પરીપત્ર અને માર્ગદર્શન મુજબ નવા વીજજોડાણ માટે ભાવપત્રક મા ચાર્જીસ વસુલવા બાબતેની સ્પષ્ટતા – જીયુવીએનએલ કચેરીમાથી મળી ગયેલ હોય – જેથી અરજદારને અપાયેલ ભાવપત્રક પ્રવર્તમાનમા રહેલ ગાઈડલાઈન મુજબ – રીવાઇઝ કરીને નિયમાધીન તફાવત ની રકમ અરજદારને રીફંડ આપવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૫ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની ફરીયાદનુ નિરાકરણ કરવામા આવેલ છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબકકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯